પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૭ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

# 'દાદા'ની સરકારમાં યુવાનોનો દબદબો

## ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ સહિત ૨૪ મંત્રી સામેલ : વિરોધ, વિવાદ અને નારાજગી વચ્ચે રાજ્ય મંત્રીમંડળની શપથવીધિ : દક્ષિણ ગુજરાતનો દબદબો, કચ્છની બાદબાકી, નવા મંત્રીમંડળમાં નો રિપીટ થિયરી લાગુ કરતા વિજય રુપાણીના એકેય મંત્રીને સ્થાન નથી અપાયું

ગાંધીનગર, તા.૧૬

વિરોધ, વિવાદ અને નારાજગીના સમાચારો વચ્ચે આખરે ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંત્રીમંડળે આજે શપથ ગ્રહણ કરી લીધા છે. રાજભવનમાં આજે બપોરે દોઢ વાગ્યે યોજાયેલી શપથવિધિમાં કુલ ૨૪ મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા હતા, જેમાંથી ૧૦ મંત્રીઓને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો છે, જ્યારે પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી તરીકે કુલ નવ ધારાસભ્યોએ શપથ લીધા છે. નવી સરકારમાં પૂર્વ સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી નંબર ટૂ જ્યારે જીતુ વાઘાણી નંબર ૩ રહેશે. નવા મંત્રીમંડળમાં દક્ષિણ ગુજરાતનો દબદબો જોવા મળી રહ્યો છે, જ્યારે કચ્છની બાદબાકી કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં નો રિપીટ થિયરી લાગુ કરતા રુપાણીના એકેય મંત્રીને સ્થાન નથી અપાયું.

કેબિનેટ મંત્રી તરીકે શપથ લેનારા મંત્રીઓ : ૧. રાજેન્દ્ર ત્રિવેદી ૨. જીતુ વાઘાણી ૩. ઋષિકેશ પટેલ ૪. પૂર્ણેશ મોદી ૫. રાઘવજી પટેલ ૬. કનુ દેસાઈ ૭. કિરીટસિંહ રાણા ૮. નરેશ પટેલ ૯. પ્રદીપ પરમાર ૧૦. અર્જુનસિંહ ચૌહાણ



રાજ્યકક્ષા, સ્વતંત્ર હવાલો - ૧૧.હર્ષ સંઘવી ૧૨. જગદીશ પંચાલ ૧૩. બ્રિજેશ મેરજા ૧૪. જીતુ ચૌધરી ૧૫. મનીષા વકીલ

રાજ્યકક્ષાના મંત્રીઓ : ૧૬. મુકેશ પટેલ ૧૭. નિમિષા સુથાર ૧૮. અરવિંદ રૈયાણી ૧૯. કુબેર ડિંડોર ૨૦. કિર્તીસિંહ વાઘેલા ૨૧. ગજેન્દ્રસિંહ પરમાર ૨૨. રાઘવજી મકવાણા ૨૩. વિનોદ મોરડિયા ૨૪. દેવા માલમ

આજે શપથગ્રહણ સમારંભમાં પૂર્વ સીએમ વિજય રુપાણી તેમજ પૂર્વ ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નીતિન પટેલ નારાજ છે, અને કોઈના સંપર્કમાં નથી તેવી અટકળો વચ્ચે તેમણે શપથગ્રહણ સમારંભમાં દેખા દેતા ઘણા લોકોને આશ્ચર્ય થયું હતું. આમ તો શપથવિધિ ગઈકાલે સાંજે ચાર વાગ્યે થવાની હતી. પરંતુ તમામ જૂના મંત્રીઓને પડતા મૂકવાના હોવાની વાત વહેતી થતાં ભાજપમાં અસંતોષ ફેલાયો હતો. કેટલાક પૂર્વ મંત્રીઓએ પૂર્વ સીએમ રુપાણી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાથે મુલાકાત કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેવામાં રાજભવનમાં તમામ તૈયારી થઈ ગયા બાદ અચાનક શપથવિધિનો કાર્યક્રમ પડતો મૂકવામાં આવ્યો હતો.

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર એક જ પક્ષની સરકારમાં કોઈપણ ભૂતપૂર્વ મંત્રીને નવી કેબિનેટમાં જગ્યા આપવામાં નથી આવી. ચૂંટણીના સવા વર્ષ પહેલા થયેલા મોટા ફેરબદલમાં માત્ર સીએમ જ નથી બદલાયા, પરંતુ આખેઆખા મંત્રીમંડળને બદલી નાખવામાં આવતા અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. જૂના મંત્રીમંડળમાં કોંગ્રેસમાંથી આવેલા તમામ લોકોના પત્તાં કપાયા છે. જોકે, કોંગ્રેસમાંથી આવેલા કેટલાક નવા ચહેરાને નવા મંત્રીમંડળમાં સ્થાન પણ આપવામાં આવ્યું છે.

જે ધારાસભ્યો મંત્રીપદે શપથ લેવાના છે તે તમામને ફોન કરીને જાણકારી આપી દેવામાં આવી હતી. એક તરફ રુપાણી સરકારમાં ફરજ બજાવી ચૂકેલા મંત્રીઓના પત્તાં કપાતાં ત્યાં નારાજગી જોવા મળી રહી છે, તો બીજી તરફ જેઓ મંત્રી બનવાના છે તેમના પરિવારજનો અને સમર્થકોમાં જોરદાર ખુશીનું મોજું ફરી વળ્યું છે. શપથવિધિ પૂર્ણ થયા બાદ કમલમમાં પણ ઉજવણીની તમામ તૈયારીઓ પૂરી કરી દેવાઈ છે. ફટાકડાં અને મીઠાઈનો જથ્થો પણ પહોંચાડી દેવાયો છે. નવા મંત્રીઓનું કમલમમાં સ્વાગત કરવામાં આવશે. સોમવારે સીએમ પદના શપથ લેનારા ભૂપેન્દ્ર પટેલની ટીમના આજે શપથગ્રહણ. રાજભવનમાં શપથ ગ્રહણનો કાર્યક્રમ યોજવામાં આવશે. ભૂપેન્દ્ર પટેલના પુરોગામી વિજય રુપાણીના મંત્રીમંડળમાં રહેલા એકેય મંત્રીને ભૂપેન્દ્ર પટેલની ટીમમાં ના લેવાયા. તમામ નવા ચહેરા સાથે આજે નવું મંત્રીમંડળ શપથ ગ્રહણ કરશે. પોતાનું પત્તુ કપાતાં ભાજપના ઘણા પૂર્વ મંત્રીઓ નારાજ હતા, જોકે મોટાભાગના મંત્રીઓને મનાવી લેવાયા છે. પરંતુ ક્યાંક-ક્યાંક નારાજગી પણ જોવા મળી રહી છે.

## દેશમાં કોરોનાના નવા કેસ ૩૦ હજારને પાર

નવી દિલ્હી, તા. ૧૬

ભારતમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો નોંધાયા બાદ ફરી એકવાર ઉછાળો નોંધાયો છે, ૨૫ હજારની અંદર પહોંચેલા નવા કેસનો આંકડો ફરી એકવાર ૩૦ હજારને પાર કરી ગયો છે. કેરળમાં પણ નવા કેસમાં ફરી એકવાર ઉછાળો નોંધાઈ રહ્યો છે. બીજી તરફ ૪ લાખને પાર પહોંચેલા એક્ટિવ કેસ ફરી એકવાર સાડા ત્રણ લાખની અંદર આવી ગયા છે. ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૦,૫૭૦ કેસ નોંધાયા છે અને ૪૩૧ દર્દીઓના મોત થઈ ગયા છે. જ્યારે ગઈકાલે દેશમાં કુલ ૨૭,૧૭૬ કેસ નોંધાયા હતા અને ૨૮૪ દર્દીઓના મોત થયા હતા. દેશમાં કોરોનાના કેસનો આંકડો ફરીએકવાર ઊંચો જવાનું કારણ કેરળમાં વધતા કેસ છે. અહીં ગઈકાલે ૧૫,૮૭૬ નવા કેસ અને ૨૪નાં મોત થયા હતા જ્યારે આજે અહીં વધુ ૧૭,૬૮૧ કેસ નોંધાયા છે અને ૨૦૮ દર્દીઓના મોત થઈ ગયા છે.

## ચીનના સિચુઆનમાં ૬ની તિવ્રતાનો ભૂકંપ, બેનાં મોત

બેઈજિંગ, તા.૧૬

ચીનના સિચુઆન પ્રાંતમાં વહેલી સવારે ભૂકંપના તેજ આંચકા અનુભવાતા ભારે હડકંપ મચી ગયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬ નોંધવામાં આવી હતી. આ કુદરતી હોનારતના કારણે અત્યાર સુધીમાં ૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ૩ લોકો ગંભીર રીતે ઘવાયા છે. ભૂકંપ બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દક્ષિણ પશ્ચિમ ચીનના સિચુઆન પ્રાંતમાં કે લક્સિયન કાઉન્ટીમાં સવારે ૪:૩૩ કલાકે ધરતીકંપ આવ્યો હતો. તે સમયે મોટા ભાગના લોકો ઉંઘી રહ્યા હતા. ભૂકંપના તેજ ઝાટકાઓના કારણે લોકો પોતાના ઘર અને ફ્લેટની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપ બાદ સ્થાનિક પ્રશાસન રાહત અને બચાવ કાર્યમાં લાગી ગયું છે.

## મોદીએ સંરક્ષણ કાર્યાલયના બે પરિસરોનું ઉદ્‌ઘાટન કર્યું

### સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર નિશાન સાધનારાને ઘેર્યા : ૧૧ એકર જમીનમાં બનેલા નવા કાર્યાલયો પહેલાની સરખામણીએ પાંચ ગણી ઓછી જમીનમાં બન્યા છે

નવી દિલ્હી, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે ૨ સંરક્ષણ કાર્યાલય પરિસરોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સંરક્ષણ કાર્યાલય પરિસર દિલ્હીના કસ્તૂર બા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યુમાં છે. વડાપ્રધાન મોદીએ નવા કાર્યાલયો બનાવવાની જરૂર શા માટે પડી તે અંગે પણ વાત કરી હતી. સાથે જ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર નિશાન સાધનારા લોકોને પણ ઘેર્યા હતા. વડાપ્રધાને જણાવ્યું કે, આ નવા કાર્યાલયો ૧૧ એકર જમીનમાં બન્યા છે. પહેલાના કાર્યાલયોની સરખામણીએ ૫ ગણી ઓછી જમીનમાં બનીને તે તૈયાર થયા છે.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની વેબસાઈટ પણ લોન્ચ કરી હતી. પોતાના સંબોધનમાં વડાપ્રધાને તેને નવા ભારત તરફ આગળ વધી રહેલું પગલું ગણાવ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, આ નવી ઓફિસ સંરક્ષણ મંત્રાલયને વધુ મજબૂત બનાવશે. વર્તમાન કાર્યાલયો ખૂબ જ જૂના હતા અને તેમનું સાવ હળવું સમારકામ થતું હતું. વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, જે લોકો સેન્ટ્ર વિસ્ટા પ્રોજેક્ટ પાછળ ડંડો લઈને પડ્યા હતા તેઓ આ પ્રોજેક્ટ પાછળ બિલકુલ ચૂપ રહેતા હતા, હકીકતે આ પણ સેન્ટ્રલ વિસ્ટાનો હિસ્સો જ છે. જે કામ આઝાદી પછી તરત જ થવું જોઈતું હતું તે ૨૦૧૪ બાદ શરૂ થયું.


વંદન-અભિનંદન



ગુજરાતના પનોતા પુત્ર અને આપણા સૌના માર્ગદર્શક તથા ગરીબોના બેલી
ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી
માનનીય નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને
હૃદયપૂર્વકની શુભકામનાઓ સહ
વંદન - અભિનંદન


ધી ગાંધીનગર અર્બન કો.ઓપરેટીવ બેંક લિ.
સી-૭/૮, શ્રી પોપટલાલ દાણી ભવન, અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : ૨૩૨૪૩૯૩૪, ૨૩૨૪૮૭૩૨
E-mail : info@tgucb.com, Website : www.tgucb.com

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
તથા કર્મચારી ગણ

| સેક્ટર-૨૪ શાખા | કુડાસણ શાખા | વાવોલ શાખા |
|---|---|---|
| ૪૨, હરસિદ્ધનગર, ૨૪ ચાર રસ્તા પાસે, સેક્ટર-૨૪, ગાંધીનગર | ૨૧, ૨૨, બ્લોક નં. સી રાધે ક્રિસ્ટલ, કુડાસણ ગાંધીનગર | ૧૫,૧૬, વેર હાઉસ સ્વામિનારાયણ સત્સંગ હોલની પાસે, વાવોલ ગાંધીનગર |
| ફોન : ૨૩૨૮૭૩૪૨ | ફોન : ૨૩૨ ૬૦૦૮૦૦ | ફોન : ૯૯૨૪૧ ૯૯૭૨૧ |



અઢળક અભિનંદન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
(મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

અત્યંત સરળ, નિખાલસ, પ્રમાણિક, પારદર્શક અને
કાર્યક્ષમ વહીવટી ક્ષમતા ધરાવતા તથા જનકલ્યાણના ભાવથી છલોછલ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને
રાજ્યના મુખ્યમંત્રી તરીકે વરણી થવા બદલ
હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રી માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
મંગલજીવન સિનીયર સીટીઝન હોમ, નારદીપુર (જિ. ગાંધીનગર)

ડો. જગદીશભાઈ રતીભાઈ પટેલ (પ્રમુખ)
ભીખાભાઈ વિઠ્ઠલદાસ પટેલ (ઉપપ્રમુખ) (આજીવન ટ્રસ્ટી)
ભાઈલાલભાઈ નાગરદાસ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી)
સોમાભાઈ ધુળાભાઈ ગુર્જર (આજીવન ટ્રસ્ટી)
બાબુભાઈ બળદેવભાઈ પટેલ - (ટ્રસ્ટી)
ડો. મફતલાલ જેઠાલાલ પટેલ - (ટ્રસ્ટી)
અંબાલાલ પુરસોત્તમદાસ પટેલ - (ટ્રસ્ટી)
ગોપાલભાઈ શીવદાસ પટેલ - (ટ્રસ્ટી)
દશરથભાઈ કાન્તીલાલ પટેલ - (ટ્રસ્ટી)
રાજેશકુમાર સેંધાભાઈ પટેલ - (ટ્રસ્ટી)